**સેશન્સ કેસ નંબરઃ– ૪૭/૨૦૧૮**
**આંક –૮૮**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૭/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૨૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | લેરાજી નાનજીજી માલસણીયા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9978074931 |
| ઉંમર આશરે | 52 | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | આખોલ મોટી તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું બે ધોરણ પાસ છું. સને ૨૦૧૮ની સાલના અરસામાં હું મારા ગામના ખેતર તરફ ઉભો હતો ત્યારે પોલીસે મને બોલાવેલ અને એક લખેલા કાગળ ઉપર મારી સહી લીધેલી. આ કાગળ પર શુ લખેલુ હતુ તેની કોઈ સમજ પોલીસે મને કરેલ નહી. મને કાગળ વાંચવા આપેલ નહી કે વંચાવેલ નહી. હું કોઈ વિક્ર મજી કાંતીજી ઠાકોર ને ઓળખતો નથી અને પોલીસે આ વ્યકિતએ પંચનામા સમયે બતાવેલ હોય તેવુ બનેલ નથી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી અને હું પંચનામા વિશે કંઈ જાણતો નથી. જે પંચનામુ ઓરીજનલ અદાલતમાં રજુ થયેલ નથી પરંતુ પોલીસ પેપર્સમાં અસલ ઉપરથી ખરી નકલ કરેલ પંચનામુ રજુ થયેલ હોય જે ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું. પ્રસીકયુશન સદર પંચનામાને આંક આપવાની માંગણી કરતો હોય કેસ સને ૨૦૧૮નો હોય પુરાવાકીય મુલ્યાંકન આખરી તબકકે કરવાની શરતે રજુ દાખલ **<u>આંકઃ૮૯</u>** આપવામાં આવે છે.

**<u>હોસ્ટાઈલ</u>**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે તા.૨૧/૪/૧૮ના રોજ સાંજે સાડા સાતથી આઠ

સાહેદની સહી.............................

વાગ્યાના સમયગાળામાં પોલીસના બોલાવાથી અમો ગણેશપુરા પંચ તરીકે હાજર થયેલ. ત્યાં આરોપી વિક્રમજી કાંતીલાલ ઠાકોર(ધુંખ) રહે.ગણેશપુરાવાળો હાજર હતો જેને શરીરે બ્લયુ કલરનુ શર્ટ અને બ્લેક કલરનુ પેન્ટ પહેરેલ હતુ અને તેની કોઈ અંગજડતી કરતા કોઈ ચીજ વસ્તુ મળી આવેલ ન હતી અને મારઝુડના નિશાનો ન હતા. એ વાત ખરી નથી કે ઉપરોકત પંચનામુ મારી હાજરીમાં થયેલ હોવા છતાં આરોપીને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી...**
**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...**
(૨) ઉલટતપાસ નથી.
**ઉલટતપાસ પુરી.**
**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૦/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એડી.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................